Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. આત્મ સં. ૫૨ સંવત ૨૦૦૪.

અંક ૯ મો ચૈત્ર : મે

વાર્ષિક લવાજમ રૂા. ૩-૧-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી મહાવીરસ્વામી સ્તવન ... ... ... (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૧૬૧

૨ દ્વાદશાર નયચક્ર મહાશાસ્ત્ર ... ... ...( મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ ) ૧૬૨

૩ ‘ વિચાર શ્રેણી ’ ... ... ... ...( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૬૯

૪ શ્રીપાલ અને કુંડલપુરનગર ... ... ... ( મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ ) ૧૭૨

૫ પરમ કલ્યાણકારી મંગલમૂર્તિ પરમાત્માશ્રી મહાવીરદેવ (મુનિરાજશ્રી ન્યાયવિજયજી (ત્રિપુરી) ૧૭૩

૬ ન્યાય રત્નાવલી ... ... ... ... ...( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) ૧૭૬

૭ યોગમીમાંસા ... ... ... ...( સ. મુ. પુણ્યવિજયજી (સંવિગ્નપાક્ષિક ) ૧૭૭

૮ શ્રી મહાવીર પ્રભુનું સ્તવન ... ... (સંગ્રાહક. ડૉ. વલ્લભદાસ નેણસીદાસ મોરબી) ૧૭૯

૯ શુદ્ધિ પત્રક ... ... ... ... ... ... ... ... ૧૮૦


## આ માસમાં નવા થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શાહ પ્રાણલાલ કસ્તુરૂચંદ | (૧) લાઇફ મેમ્બર | સાડંબા |
| ૨. | શાહ હીરાચંદ ઝવેરચંદ | (૧) ,, | બેંગલોરસીટી |
| ૩. | શાહ નવિનચંદ્ર ત્રિભુવનદાસ | (૧) ,, | અગાસ |
| ૪. | શ્રી ઓસવાલ જૈન યુવક મંડળ એન્ડ લાયબ્રેરી | (૧) ,, | જામનગર |
| ૫. | શ્રીમતી સુશિલાબ્હેન બાબુભાઇ પાલખીવાળા | (૧) ,, | અમદાવાદ |
| ૬. | શ્રીયુત્ પ્રસન્નમુખભાઇ સુરચંદ્રભાઇ બદામી Bar at-Low | (૧) ,, | મુંબઇ |
| ૭. | શાહ સજ્જનલાલ મોહનલાલ | (૧) ,, | ,, |

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં આ માસમાં વધારે થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

૧ શાહ નાનચંદ ફૂલચંદ
૨ શેઠ પોપટલાલ ધારસીભાઇ
૩ શ્રી અમરેલી વૃદ્ધિવિજયામૃત જૈન પુસ્તકાલય
૪ બાબુ ધરમચંદ નાગરદાસ ઝવેરી
૫ આણંદ જૈન બોધ બુદ્ધિ પ્રચારક સભા હા. શેઠ કુમારપાળ સુખલાલભાઇ
૬ જૂનાગઢ આત્માનંદ જૈન લાયબ્રેરી
૭ સંઘાણી કાલીદાસ નેમચંદભાઇ
૮ શ્રી બાબુભાઇ મણિભાઇ
૯ સુતરીયા સાકરચંદ બાલાભાઈ
૧૦ મહેતા કપુરચંદ હેમચંદ
૧૧ સુરત વડાચૌટા સંવેગી ઉપાશ્રય જ્ઞાનભંડાર હા. ઝવેરી મોહનલાલ મગનલાલ
૧૨ શેઠ હિરાલાલ જૂઠાભાઇ
૧૩ શાહ ખોડીદાસ હેમચંદ
૧૪ ફોટોગ્રાફર મગનલાલ હરજીવનદાસ
૧૫ દલાલ અમરચંદ કાનજીભાઇ
૧૬ પારેખ છગનલાલ જીવણભાઈ સ્ટેટ ઇન્જી. સા. L. C. E.
૧૭ દલાલ વૃજલાલ ભીખાભાઇ
૧૮ શાહ કાંતિલાલ મોહનલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૪. ચૈત્ર. પુસ્તક ૪૫ મું.

વિક્રમ સં. ૨૦૦૪. :: તા. ૧ લી મે ૧૯૪૮ :: અંક ૯ મો

( પાનસર તીર્થ )

## શ્રી મહાવીર–સ્તવન.

( રાગ–કાલી કમલીવાલે તુમપે લાખો પ્રણામ )

મહાવીર તારણહાર, પ્રભુજી લાખો પ્રણામ. ( ૨ ) ટેક
આત્મધ્યાનની મસ્તિ જગાવી, અહિંસા કેરી ધૂન મચાવી,
**મહાવીર** તારણહાર, પ્રભુજી લાખો પ્રણામ૦ ॥ ૧ ॥
સાગર જેવી સમતા ધારી, મેરુ જેવી અવિચલ ચારી,
ક્ષમા તણા ભંડાર, પ્રભુજી લાખો પ્રણામ૦ ॥ ૨ ॥
ક્રોધ માયાને દૂર હઠાવી, મોહરાયને જડથી કાઢી,
થયા પ્રભુ વીતરાગ, પ્રભુજી લાખો પ્રણામ૦ ॥ ૩ ॥
વિશ્વ ઋણી છે વીર તમારું, તીર્થ **પાનસર** લાગે પ્યારું,
શિવસુખના દાતાર, પ્રભુજી લાખો પ્રણામ૦ ॥ ૪ ॥
**અજિત–લક્ષ્મી**ની અરજ સ્વીકારો, ભવજળ **સાગર** પાર ઉતારો,
ધન્ય વીર અવતાર, પ્રભુજી લાખો પ્રણામ૦ ॥ ૫ ॥

રચયિતા–**મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु जिनेन्द्राः ॥

તાર્કિકશિરોમણિ વાદિપ્રભાવક આચાર્યપ્રવર શ્રી **મલ્લવાદિ** ક્ષમાશ્રમણકૃત

# द्वादशारनयचक्र મહાશાસ્ત્ર

## લેખકઃ—મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ.

**જૈન**પરંપરામાં '**નયચક્ર**' નામ ધરાવતા બે ગ્રંથો છે. એકની રચના શ્વેતાંબર સંપ્રદાયમાં થયેલા આચાર્ય શ્રી **મલ્લવાદ** ક્ષમાશ્રમણે કરેલી છે, જ્યારે બીજાની રચના દિગંબર સંપ્રદાયમાં થયેલા **દેવસેના**ચાર્યે કરેલી છે. અહીં જે વિષે લખવામાં આવે છે તે આ. શ્રી **મલ્લવાદ** ક્ષમાશ્રમણકૃત **નયચક્ર** છે.

"**अनु मल्लवादिनं तार्किकाः**" [ **सिद्धहेमबृहद्वृत्ति २ । २ । ३९** ]–"બીજા તાર્કિકો મલ્લવાદી કરતાં ઉતરતા છે" આવા ગૌરવવંતા શબ્દોથી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે જેમને શ્રેષ્ઠ તાર્કિક તરીકે વર્ણવ્યા છે, અને જેમનું જૈનપરંપરામાં 'વાદિપ્રભાવક' તરીકે અતિ પ્રસિદ્ધ નામ છે તે મહા તાર્કિક આ. શ્રી **મલ્લવાદિ** ક્ષમાશ્રમણે આજથી લગભગ ૧૫૦૦ વર્ષ પૂર્વે 'નયચક્ર' નામના અતિ ગંભીર અને અતિ ગહન એક વિસ્તૃત દાર્શનિક ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથનું જૈનપરંપરામાં અસાધારણ સ્થાન છે, એટલું જ નહિ પણ સમગ્ર ભારતીય દાર્શનિક સાહિત્યમાં પણ તેનું સ્થાન અદ્વિતીય ગણી શકાય તેમ છે.

જો કે આ ગ્રંથ તરફ જૈન વિદ્વાનોનું ધ્યાન પહેલેથી ખેંચાયેલું છે જ, તો પણ કેટલાંક કારણોથી આ ગ્રંથ હજુ સુધી અપ્રસિદ્ધ અવસ્થામાં જ છે. હમણાં હમણાં એના સંશોધનની દિશામાં પ્રયત્નો શરૂ થઇ ચૂકયા છે, એ આનંદની વાત છે. આ ગ્રંથની હસ્તલિખિત પ્રતિઓ ભિન્ન ભિન્ન જૈન ગ્રંથસંગ્રહોમાં–ખાસ કરીને ગુજરાતના ગ્રંથસંગ્રહોમાં–મળી આવે છે.

એમ લાગે છે કે–આજથી ત્રણસો વર્ષ પૂર્વે તો આ ગ્રંથ લગભગ દુષ્પ્રાપ જ હતો. એ જ કારણને લીધે આ વિરલ ગ્રંથની જે કોઇ એક પ્રતિ, સમર્થ શ્રુતધર પુનિતનામધેય વાચકવર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના જોવામાં આવી, તે ઉપરથી તેઓશ્રીએ અતિ ઉત્સાહ અને પરિશ્રમપૂર્વક એક નવીન શુદ્ધ નકલ તૈયાર કરી હતી. આજના આપણા જ્ઞાનભંડારોમાં મળી આવતી આ ગ્રંથની સંખ્યાબંધ પ્રતિઓ સાક્ષાત્ કે પરંપરાએ ઉપાધ્યાયશ્રીએ તૈયાર કરેલી પ્રતિની જ નકલો અથવા પ્રતિકૃતિઓ છે. આ હકીકત કેટલીક પ્રતિઓના આદિ–અંતમાં આવતા ઉલ્લેખોને આધારે સ્પષ્ટ જાણી શકાય છે. પુણ્યનામધેય પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના પ્રયત્નથી કેટલીક પ્રતિઓ હું સંશોધન માટે મેળવી શકયો છું, તેમાં પાટણ, વિજાપુર તથા કાશીથી આવેલ પ્રતિઓની આદિમાં નીચે મુજબ ઉલ્લેખ છે—

**भट्टारकश्री हीरविजयसूरीश्वरशिष्यमहोपाध्याय श्री कल्याणविजयगणिशिष्यपण्डितश्री-लाभविजयगणिशिष्यपण्डितश्री जीतविजयसतीर्थ्यपण्डित श्री नयविजयगणिगुरुभ्यो नमः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**प्रणिधाय परं रूपं राज्ये श्री विजयदेवसूरीणाम् । नयचक्रस्यादर्शो प्रायो विरलस्य वितनोमि ॥ १ ॥ ऐँ नमः ॥**

## टीका.

" जयति नयचक्रनिर्जितनिःशेषविपक्षचक्रविक्रान्तः ।
श्री मल्लवादिसूरिर्जिनवचननभस्तलविवस्वान् ॥ १ ॥ "

આના કરતાં પણ વધારે રસદાયક, અત્યંત ઉપયોગી અને વિસ્તૃત માહિતી વિજાપુર તથા કાશીની પ્રતિના અંતમાં આવતી પુનિતચરણ શ્રી **યશોવિજયોપાધ્યાય**રચિત પ્રશસ્તિ ઉપરથી મળે છે, જે આ પ્રમાણે છે.

**ग्रन्थाग्रम् १८००० । श्रीरस्तु । पूर्वे पं. यशोविजयगणिना श्रीपत्तने वाचितम् ॥**

आदर्शोऽयं रचितो राज्ये श्री विजयदेवसूरीणाम् ।
सम्भूय यैरमीषामभिधानानि प्रकटयामि ॥ १ ॥

विबुधाः श्रीनयविजया गुरवो जयसोमपण्डिता गुणिनः ।
विबुधाश्च लाभविजया गणयोऽपि च कीर्तिरत्नाख्याः ॥ २ ॥

तत्त्वविजयमुनयोऽपि च प्रयासमत्र स्म कुर्वते लिखने ।
सह रविविजयैर्विबुधैरलिखच्च यशोविजयविबुधः ॥ ३ ॥

ग्रन्थप्रयासमेनं दृष्ट्वा तुष्यन्ति सज्जना बाढम् ।
गुणमत्सरव्यवहिता दुर्जनदृग् नी( त्वी )क्षते नैन[ म् ] ॥ ४ ॥

तेभ्यो नमस्तदीयान् स्तुवे गुणांस्तेषु मे दृढा भक्तिः ।
अनवरतं चेष्टन्ते जिनवचनोद्भासनार्थं ये ॥ ५ ॥

॥ श्रेयोऽस्तु ॥

सुमहानप्ययमुच्चैः पक्षेणैकेन पूरितो ग्रन्थः ।
कर्णाभूतं पटुधियां जयति चरित्रं पवित्रमिदम् ॥ ६ ॥

ઉપરની પ્રશસ્તિમાં યશોવિજયજી ઉપાધ્યાયે **પાટણ**માં ( **गुजरात** ) નયચક્ર વાંચ્યાનો તથા ગ્રંથની પ્રતિલિપિ તૈયાર કરવામાં સહાય કરનાર મુનિઓનાં નામ આદિનો ઉલ્લેખ કર્યો છે. વિજયદેવસૂરિનો સ્વર્ગવાસ સં. ૧૭૧૩ માં થયો છે. એટલે એમ પણ જણાય છે કે સં. ૧૭૧૩ પહેલાં જ યશોવિજયજી ઉપાધ્યાયે આ પ્રતિલિપિ તૈયાર કરી હતી. પાટણની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી પાસેની પ્રતિમાં અંતિમ બે ત્રણ પત્રો ખૂટતાં હોવાથી તેનો લેખનકાલ જાણી શકાતો નથી, પણ વિજાપુરની પ્રતિ સં. ૧૭૨૪માં લખાયેલી છે.

વાચકવર શ્રી યશોવિજયજી માટે સહજ ભાવે જ આપણા મુખમાંથી 'ધન્યવાદ' નો ધ્વનિ સરી પડે છે, કે જેમના સ્તુત્ય પ્રયાસથી નયચક્ર ગ્રંથ અત્યારે સચવાઇ રહેલો મળી આવે છે. નહિતર નયચક્ર અત્યારે ઉપલબ્ધમાન હોત કે કેમ ? એ વિષે શંકા છે. ઉપાધ્યાયજીએ જેના ઉપરથી પ્રતિલિપિ કરી હશે તે પ્રતિ હજુ સુધી મળી આવી નથી, એટલું જ નહિ પણ તેમણે તૈયાર કરેલી પ્રતિલિપિ પણ હજુ સુધી અમારા જોવામાં આવી નથી.

## ગ્રંથનો વિષય.

સામાન્ય રીતે ગ્રંથનો વિષય જૈન દર્શનસંમત અનેકાન્તવાદનું પ્રતિપાદન અને એકાન્તવાદી દર્શનોનું નિરાકરણ છે. ગ્રંથના નામ ઉપરથી જ સહેજે જાણી શકાય છે કે તેમાં જૈન દર્શનના એક વિશિષ્ટ અંગભૂત નયવાદનું નિરૂપણ હશે. તેમ છતાં આની વિશિષ્ટતા એ છે કે બીજા નયવિષયક સાહિત્યમાં જે **૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ** ૭ અને **એવંભૂત**–આ સાત નયોનું જ નિરૂપણ આવે છે તેના બદલે આમાં જૂદા જ પ્રકારના **૧ विधि. २ विधिविधिः ३ विधिविधि-नियमौ** ४ **विधि-नियमः ५ विधि-नियमम् ६ विधि-नियमयोर्विधिः** ७ **विधि-नियमयोर्विधिः-नियमौ** ८ **विधि-नियमयोर्नियमः ९ नियमः १९ नियमविधिः ११ नियमस्य विधिनियमौ १२ नियमस्य नियमः**—આવા જુદા જ નામના બાર નયોનું વર્ણન આવે છે. આ બધા નયોના નામોનો અર્થ તથા તે તે અર્થને અનુસરતા દાર્શનિક વિચારોને ગ્રંથકારે તે તે નયનિરૂપણમાં ખૂબ વિસ્તારથી વર્ણવ્યા છે.

## નયચક્ર નામની યથાર્થતા.

ગ્રંથકારે ગ્રંથનું 'નયચક્ર' નામ બરાબર અન્વર્થ રાખ્યું છે. ચક્રમાં જેમ આરાઓ હોય છે તેમ આમાં પણ ઉપર જણાવેલ **१ विधि २ विधिविधि** આદિ બાર નયરૂપી બાર આરાઓ છે. એક એક આરામાં અનુક્રમે એક એક નયનું નિરૂપણ છે. વળી આ આરાઓ વચ્ચે જેમ પોલા ભાગરૂપી અંતર હોય છે તેમ આમાં પણ દરેક અર વચ્ચે અંતર છે. એક આરો સ્વમતનું સ્થાપન કરી રહે ત્યાર પછી બીજો અર તેનું ખંડન શરૂ કરે છે અને તે ખંડન કર્યા પછી જ સ્વમતની સ્થાપના કરે છે. આમાં જે ખંડનાત્મક ભાગ છે તે પ્રત્યેક અર વચ્ચેનું અંતર છે. વળી જેમ ચક્રમાં આરાઓને રહેવા માટે મધ્યમાં નાભિ હોય છે તેમ આમાં પણ અંતે 'સ્યાદ્વાદનાભિ' છે. તેમાં એમ પ્રતિપાદન કર્યું છે કે આ બધા નયરૂપી આરાઓ સ્યાદ્વાદરૂપી નાભિમાં પ્રતિષ્ઠિત થઇને રહે તો જ નિરાબાધ છે, નહિતર જેમ ચક્રમાં નાભિ વિના આરાઓ ટકી શકતા નથી તેમ નયો પણ બાધિત થવાથી ટકી શકતા નથી. વળી જેમ ચક્રમાં સૌથી ઉપર અનેક સાંધાઓની બનેલી ગોળ ફરતી 'નેમિ' હોય છે તેમ આમાં પણ ત્રણ સંધીઓની બનેલી નેમિ છે. પહેલા નેમિના ખંડમાં **१ विधि**–આદિ ઉપર જણાવેલ ચાર નયો આવે છે. બીજા ખંડમાં **५ विधि**–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**नियमम्** આદિ ચાર નયો આવે છે. ત્રીજા ખંડમાં ૯ **नियमः**–આદિ ચાર નયો આવે છે. આ રીતે ગ્રંથનું **नयचक्र** નામ બરાબર અન્વર્થ નામ છે.

## વિધિ આદિ નયોનો અંતર્ભાવ.

જો કે આ ૧ **विधि** આદિ નયોનું નિરૂપણ માત્ર આ એક જ ગ્રંથમાં જોવા મળે છે, તેમ છતાં તેનો નૈગમાદિ નયો સાથે કશો સંબંધ જ નથી–એવું નથી. જૈન પ્રવચનમાં મૂલ નય બે છે. ૧ **द्रव्यार्थिक** અને ૨ **पर्यायार्थिक.** પ્રારંભના ૧ **विधि** આદિ છ નયો **द्रव्यार्थिक** નયા ભેદ છે અને પાછળના ૭ **विधि-नियमयोर्विधि-नियमौ** આદિ ૬ ભેદો **पर्यायार्थिक** નયના ભેદો છે. તે જ પ્રમાણે જે નૈગમાદિ સાત નયો છે તેમાં પણ યથાયોગ્ય રીતે **विधि** આદિ નયોનો અંતર્ભાવ થઇ જાય છે. આ અંતર્ભાવની રીત ગ્રંથકારે તે તે નયના અંતે ઉપપત્તિ સાથે આપી છે. એનું સામાન્ય દિગ્દર્શન આ પ્રમાણે છે.

૧ લા નયનો અંતર્ભાવ વ્યવહારમાં થાય છે. બીજા ત્રીજા ચોથા નયનો અંતર્ભાવ સંગ્રહ નયમાં થઇ જાય છે. ૫ મા ૬ ઠ્ઠાનો નૈગમમાં, ૭ માનો ઋજુસૂત્રમાં, ૮ મા ૯ માનો શબ્દ નયમાં, ૧૦ માનો સમભિરૂઢ નયમાં અને ૧૧ મા તથા ૧૨ મા નયનો એવંભૂત નયમાં અંતર્ભાવ થાય છે.

## નામોલ્લેખ.

**ગ્રંથનો નામોલ્લેખ** '**नयचक्र**' અથવા '**द्वादशारनयचक्र**' એ બંને નામોથી આચાર્યો કરે છે. એક સંક્ષિપ્ત નામ છે, બીજું વિસ્તૃત નામ છે. 'નયચક્ર' ગ્રંથને **द्वादशार** વિશેષણ ખાસ લગાડવાનું કારણ ગ્રંથના અંતે આવતા ભાગમાં આપણને જોવા મળે છે—

**अधुना तु शास्त्रप्रयोजनमुच्यते–सत्स्वपि पूर्वाचार्यविरचितेषु सन्मति–*नयावतारादिषु शास्त्रेषु अर्हत्प्रणीतनैगमादिप्रत्येकशतसंख्यप्रभेदात्मकसप्तशतारनयचक्राध्ययनानुसारिषु, तस्मिंश्च आर्षे सप्तशतार[नय]चक्राध्ययने च सत्यपि द्वादशारनयचक्रोद्धरणं......विस्तर-ग्रन्थभीरून् संक्षेपाभिवाञ्छिनः शिक्षकजनाननुग्रहीतुं 'कथं नाम अल्पीयसा कालेन नय-चक्रमधीयेरन् सम्यग्दृष्टयः' इत्यनयानुकम्पया संक्षिप्तग्रन्थं बह्वर्थमिदं नयचक्रशास्त्रं श्रीमच्छ्वे-तपटमल्लवादिक्षमाश्रमणेन विहितम्...।**

આ જ વાતને **ઉત્તરાધ્યયન** સૂત્રની **પાઇય** ટીકામાં ટીકાકાર શ્રી **શાંતિસૂરિ**એ જણાવી **છે**—

* **સંમતિ**ની સાથે **નયાવતાર**નો ઉલ્લેખ કર્યો હોવાથી આ નયાવતાર ગ્રંથ પણ **સિદ્ધસેનદિવાકર**–પ્રણીત હશે–એમ જણાય છે. **સિદ્ધસેન દિવાકર**નો એક **ન્યાયાવતાર** નામે પ્રસિદ્ધ ગ્રંથ છે, પરંતુ તેમાં નયની વિચારણા ભાગ્યેજ છે—એમ કહી શકાય. બનવાજોગ છે કે—નયાવતાર નામનો પણ તેમનો કોઇ ગ્રંથ હશે કે જેમાં દિવાકરજીએ વિસ્તારથી નયનું નિરૂપણ કર્યું હશે. દિવાકરજીના ઘણા ગ્રંથો હજુ નથી મળતા એમ તો બધા જ માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा हि-पूर्वविद्भिः सकलनयसंग्राहीणि सप्त नयशतानि विहितानि, यत्प्रतिबद्धं सप्तशतारं नयचक्राध्ययनमासीत्। तत्संग्राहिणः पुनः द्वादश विध्यादयो यत्प्रतिपादकमिदानीमपि नयचक्रमास्ते ॥ [ उत्तराध्ययनवृत्ति. पृ. ६८ ]*

## નયચક્રની રચના શૈલી.

પ્રસ્તુત **નયચક્ર** ગ્રંથમાં મૂલ તો એક કારિકા માત્ર જ, કે જે કારિકા નીચે મુજબ છે—

**विधि–नियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत्।**
**जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥ १ ॥**

આ કારિકા ઉપર **મલ્લવાદિ**એ ગદ્યમાં વિસ્તૃત ભાષ્યની રચના કરી છે, જે ભાષ્ય **નયચક્ર** શાસ્ત્રના નામથી ઓળખાય છે.

મહાદુર્દૈવની વાત છે કે આ મલ્લવાદિપ્રણીત ભાષ્ય આજે કયાંય મળતું નથી. અત્યારે જે મળે છે તે તો તેના ઉપર **सिंहसूरगणिक्षमाश्रमणे** કરેલી ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ અતિવિસ્તૃત '**नयचक्रवाल**' નામની ટીકા જ મળે છે. જો કે આ ટીકાની શૈલી એટલી બધી પ્રૌઢ છે કે તેના આધારે મલ્લવાદિકૃત ભાષ્યનું અવિકલ ઉદ્ધરણ કરવું એ અતિ દુષ્કર છે. તેમ છતાં યે આ વિસ્તૃત ટીકામાં **ભાષ્યનાં** પ્રતીકો ઠામ ઠામ આવેલાં છે. આ પ્રતીકોના આધારે પણ મલ્લવાદિના વ્યક્તિત્વ વિષે તથા ભાષ્ય વિષે આપણને ઘણું ઘણું જાણવા મળે છે.

શ્રી મલ્લવાદિપ્રણીત ભાષ્યની અપ્રાપ્તિનો ઇતિહાસ ઘણો જૂનો હોય તેમ જણાય છે. વિક્રમના ૧૩મા શતક સુધી તો આ ગ્રંથની પ્રાપ્તિ હશે જ–એમ નિશ્ચિત પુરાવો મળે છે. વિક્રમ સં. ૧૨૦૭માં ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણની રચના કરનાર શ્રી **ચંદ્રસેનાચાર્ય**–કે જેઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના ગુરુબંધુ પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય હતા–તેમના ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણના અંતે જણાવે છે કે—**उक्तं च मल्लवादिना**–"**विधि–नियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत्। जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥ १ ॥ एतत्कारिकाविशेषभावार्थः स्वस्थानादवसेयः** ॥ [ पृ. २२२ ]

અત્યારે તો ઉપલબ્ધ ગ્રંથમાં મૂલ કારિકા પણ નથી મળતી. ઉપર જણાવેલ **ઉત્પાદાદિસિદ્ધિ** તથા ઈતર ગ્રંથોમાં આવતા ઉદ્ધરણ તપાસતાં જ અમને તે જડી છે. **ઉત્પાદાદિસિદ્ધિ**કાર આ કારિકાનો વિશેષ ભાવાર્થ જાણવા માટે તેનું સ્વસ્થાન જોઇ લેવાની જે ભલામણ કરે છે તે **મલ્લવાદિ**પ્રણીત **ભાષ્ય** હશે–એમ લાગે છે; પરંતુ વિક્રમ સં. ૧૩૩૪ માં **પ્રભાવકચરિત્રની** રચના કરનાર **પ્રભાચન્દ્ર** આચાર્યના કથન ઉપરથી લાગે છે કે–તેમના સમયમાં **નયચક્ર** ગ્રંથ અપ્રાપ્ય જ હતો. તેનું કારણ જણાવતાં તેઓ લખે છે કે—" **મલ્લવાદી**એ **બુદ્ધાનન્દ** નામના જે બૌદ્ધવાદીનો પરાજય કર્યો હતો તે વાદી મરીને વ્યંતરદેવ

* આ જ વાત મલધારી હેમચંદ્રાચાર્યે પણ અનુયોગદ્વાર વૃત્તિમાં ( પ. ૨૬૭ ) વર્ણવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો છે અને *તે:મલ્લવાદી સાથેના પૂર્વજન્મના વૈરથી કોઇને એ ગ્રંથ વાંચવા દેતો નથી." **પ્રભાવકચારત્રકાર**ના કેટલાંક વિધાનો ઉપરથી એમ પણ લાગે છે કે—**સિંહસર ગણિ** ક્ષમાશ્રમણકૃત **નયચક્ર**ની ટીકા પણ તેમના જોવામાં આવી નહિ હોય.

ત્યારપછી વિક્રમ સં. ૧૪૬૮ **ક્રિયારત્નસમુચ્ચય**ની રચના કરનાર આ. **શ્રી. ગુણરત્નસૂરિ**એ યાકિનીમહત્તરાસૂનુ શ્રી **હરિભદ્રસૂરિ**કૃત **ષડ્દર્શનસમુચ્ચય**ની બૃહદ્વૃત્તિમાં શ્વેતાંબરોના દાર્શનિક ગ્રંથોની નામાવલિ આપતાં-( પૃ. ૧૦૭ ) " **श्वेताम्बराणां सम्मतिर्नयचक्रवालः स्याद्वादरत्नाकरः........** । " આ પ્રમાણે **નયચક્રવાલ** ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. આ 'નયચક્રવાલ' નામ મલ્લવાદિકૃત ગ્રંથનું નામ હોય એ સંભવી શકતું નથી, કેમકે ચક્ર અને ચક્રવાલનો અર્થ બીલકુલ ભિન્ન છે. વળી તે પ્રમાણે ગ્રંથની પ્રસિદ્ધિ કયારેય હોય તેવો ઉલ્લેખ મળતો નથી. ૧૪ મી સદી સુધીના તમામ સાહિત્યમાં નયચક્ર નામનો જ ઉલ્લેખ જોવામાં આવે છે. એટલે વસ્તુત: એમ જણાય છે કે 'નયચક્રવાલ' એ ટીકાનું જ નામ છે. જેમ મૂલ ગ્રંથનું નામ '**પ્રદીપ**' હોય તો ટીકાનું નામ મૂલ ગ્રંથને અનુસરીને '**ઉદ્યોત**' અથવા 'કિરણાવલિ' એવું રાખવામાં આવે છે તેમ અહિં પણ '**નયચક્ર**' એવા મૂલ નામને અનુસરીને ટીકાનું '**નયચક્રવાલ**' એવું નામ રાખવામાં આવ્યું હશે. જેમ ચક્રને ફરતો ગોળ લોહપટ્ટક હોય છે તેમ **નયચક્રની નયચક્રવાલ** વૃત્તિ હશે. આ વાત બીજા પ્રમાણથી પણ પુષ્ટ થાય છે. અમારી પાસેની ઘણીખરી હસ્તલિખિત પ્રતિઓના માર્જિનમાં ( હાંસિયામાં ) **નયચક્રવાલ ટીકા** એવો નામોલ્લેખ છે. આથી એમ જણાય છે કે ટીકાનું નામ '**નયચક્રવાલ**' છે. શ્રી **ગુણરત્નસૂરિ** પ્રસિદ્ધ નામ '**નયચક્રનો**'નો ઉલ્લેખ ન કરતાં '**નયચક્રવાલ**' નામનો ઉલ્લેખ કરે છે-એ સૂચવી આપે છે કે તે સમયમાં પણ મૂલ રહિત ટીકા ગ્રંથ જ તેમના જોવામાં આવ્યો હશે.

જો કે **નયચક્ર**ની ટીકામાં આવતાં સંધિવાકયોમાં '**નયચક્રવાલટીકા**' એવો નામોલ્લેખ નથી. દરેક અરને અંતે ટીકાકારે '**नयचक्रटीका**' એવો નામોલ્લેખ કર્યો છે. માત્ર નવમા અરને અંતે—**इति नियमभङ्गो नवमोऽरः श्रीमल्लवादिप्रणीतनयचक्रस्य टीकायां न्यायागमानुसारिण्यां सिंहसूरि( र )गणिवादि क्षमाश्रमणदृब्धायां समाप्तः ।**

આ પ્રમાણે ટીકાના 'ન્યાયાગમાનુસારિણી' એવા વિશેષણનો ઉલ્લેખ મળે છે. તેમ છતાંયે **नयचक्रं वलत इति नयचक्रवालः** આ પ્રમાણે ઔચિત્યથી '**नयचक्रवाल**' એવું નામ તેમને પણ ઇષ્ટ હોય અથવા પાછળથી વાચકોએ જોડયું હોય એ બનવાજોગ છે.

---

* नयचक्रमहाग्रन्थः शिष्याणां पुरतस्तदा । व्याख्यातः परवादीभकुम्भभेदनकेसरी ॥ ६९ ॥
श्रीपद्मचरितं नाम रामायणमुदाहरत् । चतुर्विंशतिरेतस्य सहस्रा ग्रन्थमानतः ॥ ७० ॥
बुद्धानन्दस्तदा मृत्वा विपक्षव्यन्तरोऽजनि । जिनशासनविद्वेषिप्रान्तकालमतेरसौ ॥ ७१ ॥
तेन प्राग्वैरतस्तस्य ग्रन्थद्वयमधिष्ठितम् । विद्यते पुस्तकस्थं तत् वाचितुं स न यच्छति ॥ ७२ ॥

[ प्रभावकचरित्र मल्लवादिप्रबन्ध ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગ્રંથની મહત્તા.

ગ્રંથમાં દૃષ્ટિપાત કરતાં જ અતિવિસ્તૃત સૂક્ષ્મ અને અનેક દૃષ્ટિએ મહત્ત્વની અનેકાનેક ચર્ચાઓ-વિચારણાઓ તેમાં જોવામાં આવે છે. ગ્રંથકારની વિશિષ્ટ ખૂબી એ છે કે-દરેક દર્શનના અતિ મહત્ત્વ વિનાના સિદ્ધાંતોની ચર્ચા ન કરતાં તે તે દર્શનનાં જે પ્રાણભૂત મંતવ્યો હોય તેની જ તેઓ ચર્ચા કરે છે. અને જે ચર્ચાઓ કરે છે તે એટલી બધી સૂક્ષ્મ અને અતિ વિસ્તૃત હોય છે કે આજે તે તે દર્શનના આકરભૂત ગણાતા ગ્રંથોમાં પણ આટલો વિસ્તાર અને આટલી સૂક્ષ્મતા જોવામાં આવતાં નથી. પાઠક આમાં અત્યુક્તિ ન માને. તે તે અનેક દાર્શનિક ગ્રંથોની તુલનાને અંતે જે મારો અભિપ્રાય બંધાયો છે તે જ મેં ઉપર જણાવ્યો છે. તે તે વિષય ઉપરની આટલી બધી વ્યાપક સૂક્ષ્મ અને વિસ્તૃત ચર્ચા હજુ સુધી કયાંય મારા જોવામાં આવી નથી. "**अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः**" આ વાકયનો અર્થ શો હોઇ શકે ? એની ચર્ચામાં પ્રસ્તુત નયચક્ર ગ્રંથમાં ૧૦૦૦ શ્લોકથી પણ અધિક ભાગ રોકવામાં આવ્યો છે. ખુદ મીમાંસાદર્શનના આકરભૂત ગણાતા ગ્રંથોમાં પણ આના દશમા ભાગનીયે ચર્ચા જોવામાં આવતી નથી. આ જાણીને મારા પરિચિત ખુદ મીમાંસક પંડિતો પણ ચકિત થઇ ગયા છે. આ તો માત્ર ઉદાહરણ છે. દરેક વિષયની ચર્ચા આમાં એટલી જ વિસ્તૃત છે. ધર્મકીર્તિ તથા કુમારિલ આદિના પૂર્વકાળની સાંખ્ય-મીમાંસા-વેદાંત-ન્યાય-વૈશેષિક-બૌદ્ધ-શાબ્દિકાદિની અનેક વિચારધારાઓ વિપુલતાથી આ ગ્રંથમાં જોવા મળે છે. વિશિષ્ટતા તો એ છે કે-તે તે વિષય ઉપર ઊહાપોહ કરતાં આચાર્ય મલ્લવાદી આદિથી લઇ પોતાના સમય સુધીના તે તે દર્શનના પ્રસિદ્ધ ગ્રંથકારોએ જે જે કહ્યું હોય તે દરેકની સંપૂર્ણપણે સમાલોચના કરે છે એટલે ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધન કરનાર જૈન જૈનેતર તમામ સંશોધકોને માટે આમાં વિપુલ સામગ્રી મળી આવે તેમ છે. ટીકાનું પ્રમાણ ૧૮૦૦૦ શ્લોક પરિમાણ છે. અને મૂલનું ૩૦૦૦ થી ૫૦૦૦ શ્લોકપ્રમાણ હશે એમ જણાય છે. ટીકા અને મૂલના પ્રમાણને સંચલિત કરીને વિચારતાં એમ જણાય છે કે શ્રી વિક્રમનો આઠમી સદી સુધીના દાર્શનિક ગ્રંથોમાં સૌથી મોટામાં મોટો ગ્રંથ આ હશે.

આ ગ્રંથની વિશિષ્ટતા તો ગ્રંથનું પ્રકાશન થયા પછી જ વિદ્વાનોના પ્રત્યક્ષ અનુભવમાં આવશે, પરંતુ તે પહેલાં તેમાં આવતા વિશિષ્ટ ગ્રંથકાર અને ગ્રંથોના ઉલ્લેખ અહીં સંક્ષેપથી આપવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વિચારશ્રેણી'

**લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

સમ્યગ્દર્શન જ્ઞાનાદિ મેળવી વીતરાગ દશા પ્રાપ્ત કરવી તે ગુણાનુરાગ કહી શકાય.

ઊજળું દેખાતું બધુંય દૂધ હોતું નથી માટે પરીક્ષા કરી સાચું દૂધ પીશો તો જ પુષ્ટિ મેળવી શકશો.

જે પોતાના આત્માના ગુણોનો રાગી નથી તે પ્રભુના ગુણોનો રાગી બની શકતો નથી.

છૂટવા નીકળ્યા હો તો છૂટી જાણજો પણ બૂડવાની ભ્રાન્તિથી પાણીમાંથી નીકળી ગારામાં ન ફસાઇ જશો.

સમતા-સમભાવ-શાંતિ-સંતોષ-ક્ષમા-વિષયવિરકિત આદિ આત્મ ધર્મરૂપ આત્મિક ગુણો કહેવાય છે, તે સિવાય તો કર્મજન્ય કળાઓને ગુણ માની તેનો અનુરાગ કરવાથી આત્મવિકાસ થતો નથી.

ગુણોનો સંગ્રહ કરનાર ભય કલેશ તથા શોક સંતાપથી મુકત હોય છે.

પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં કોઇ વિષયની શાંતિ માટે બીજા ઉપર રાગ કરીને ગુણાનુરાગ કહેવો તે અજ્ઞાનતા છે.

જે રાગમાં આસકિત હોય તે અપવિત્ર અને જેમાં અનાસકિત તે પવિત્ર રાગ કહેવાય છે. અને તેને જ ગુણાનુરાગ કહેવામાં આવે છે. તે સિવાય તો આસકિતગર્ભિત અવગુણાનુરાગ કહેવાય; કારણ કે જ્યાં આસકિત હોય છે ત્યાં વિષયોને અવકાશ હોય છે.

જે રાગથી આત્માને અહિતકારી દોષો-અવગુણોની પ્રાપ્તિ થાય તે ગુણાનુરાગ કહેવાય જ નહિ.

કોઇ પણ પ્રકારના વિષયને પોષવાના સ્વાર્થ માટે જ સચેતન દેહ અથવા તો અચેતન જડાત્મક વસ્તુઓ ઉપર સ્નેહ-રાગ કરવામાં આવે છે; પણ પરમાર્થ માટે આત્મા ઉપર રાગ થઇ શકતો નથી.

પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે પરમાત્માનો રાગ કહી શકાય.

તમને જે કાળે જે મળે તે લઇને તેનાથી નિર્વાહ કરી લો પણ સારા-નરસાના વિકલ્પથી મળતું જતું કરીને સારાની આશામાં બેસી રહેશો નહિ. નહિં તો હાથ આવેલું ખોઇ બેસશો અને ધારેલું મળશે નહિં એટલે નિર્વાહની મુશ્કેલીથી જીવવું ભારે થઇ પડશે.

આજ નહિ તો આવતી કાલે અજવાળાનું અંધારું થવાનું છે માટે આળસ તથા આશાઓને છોડી દઇને અજવાળામાં જોઇને જે કાંઇ લેવું હોય-છોડવું હોય તે લઇને અને છોડી દઇને તૈયારી કરી રાખો; નહિં તો પછી ખાલી અંધારામાં કાંઇ પણ મૂકી-લઇ નહીં શકો અને ખાલી હાથે ચાલ્યા જશો.

શકિત અને સાધન-સંપત્તિના પ્રમાણમાં ઇચ્છાઓને નોતરવી, નહિ તો ઇચ્છાઓ તમને ચારે તરફથી ઘેરી લઇને તમારા જીવનને અશાંતિ અને કલેશમય બનાવશે.

મૂર્ખાઇથી માનેલી બે ઘડીની મોજ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસત્ય તથા માયાનો આશ્રય લઈને બીજાની મશ્કરી કરવી તે વિષપાન કરવા-કરાવવા જેવું છે, કારણ કે તે પરિણામે ઉભય.લોકમાં મોતને નોતરે છે.

કોઈને દુઃખ દઈને રાજી થવું તે માણુસાઇ નથી પણ મૂર્ખાઇ છે તે પોતાની જાત માટે વિચાર કરશો તો જણાશે, આત્માની શુદ્ધ દશા સાચી રીતે જાણ્યા વગર અને અશુદ્ધ કરનાર વસ્તુને સાચી રીતે ઓળખ્યા વગર આત્મા શોધવાનો પ્રયાસ નિષ્ફળ જાય છે.

શુદ્ધાત્માઓના વચનોના સંગ્રહરૂપ શાસ્ત્રોનો અભ્યાસ કર્યા વગર આત્મા સુધારી શકાય નહિ.

સાચું સુખ શાંતિ અને આનંદ-અનુભવ સિવાય ઓળખી શકાય નહિ, માટે જ મેળવી શકાય નહિ.

બીજાના ઉચિત-અનુચિત કાર્યની માત્ર ટીકા કરવાથી સારો લાભ નહિ મળે પણ અનુચિતનો ત્યાગ અને ઉચિતનો આદર કરવાથી ઉત્તમ લાભ મેળવી શકાશે.

કોઇ પણ બાબતમાં કેવળ આંખ કે કાનથી નિર્ણય કરવા કરતાં મનથી અને બુદ્ધિથી નિર્ણય કરવો ઉચિત છે, કારણ કે કેવળ આંખ તથા કાનનો નિર્ણય ખોટો ઠરશે પણ બુદ્ધિપૂર્વક મનથી કરેલો નિર્ણય ભાગ્યે જ ફરશે.

સંસારમાં અનેક કાર્યક્ષેત્ર પડ્યાં છે તેમાંથી ઉપયોગી જણાય અને પસંદ પડે તે ક્ષેત્રમાં આત્મા તથા જીવનને હિતકારી વસ્તુના બી વાવવાં શરૂ કરી દો, પણ કાલ્પનિક ઘાટો ઘડ્યા કરશો નહિ.

ઇર્ષ્યાની શીખવણીથી જનતામાં બીજાને અપરાધી બનાવવાને બુદ્ધિ તથા જીવનનો જેટલો ઉપયોગ કરો છો તેટલો જ ઉપયોગ પોતે નિરપરાધી રહેવામાં કરશો તો સ્વ-પરનું કલ્યાણ કરી શકશો.

તમારા વાણી તથા વિચારની અવગણના કરનાર ઉપર મિથ્યાભિમાનના આવેશથી મહાપુરુષોના વાણી તથા વિચારની અવજ્ઞાનું આળ ચઢાવીને જનતામાં વખોડશો તો પ્રભુદ્રોહી બનશો.

નિઃસ્વાર્થ વૃત્તિથી જગતના કલ્યાણની માત્ર કામના જ રાખશો તોયે સ્વાર્થગર્ભિત કરેલી સેવા કરતાં લાખગણી ચઢિયાતી છે.

તમે પોતાના સ્વાર્થ માટે બીજાના વાણી, વિચાર તથા વર્તન ઉપર જેટલી શ્રદ્ધા અને વિશ્વાસ રાખો છો, તેટલી શ્રદ્ધા અને વિશ્વાસ પરમાર્થ માટે પ્રભુની વાણી, વિચાર તથા વર્તન ઉપર રાખો તો આત્મશ્રેય સાધી શકશો.

બાળદશા-અજ્ઞાનતાને લઈને કોઇ માયાવીના ભરમાવવાથી સોનાને પીત્તલ માની છોડી દો તો તમારી ઇચ્છા પણ સોનાના પાણીનો ઢોળ ચઢાવેલા લોઢાનો આદર કરતાં વિચાર કરજો, નહિ તો પિત્તળ જેટલો પણ લાભ મેળવી શકશો નહિ અને કેવળ નુકસાન મેળવી પાસે હશે તે પણ ખોઇ બેસશો.

અનંતા કાળથી સંસારમાં ગણત્રી ગણાવતાં આવ્યા છો છતાં અત્યાર સુધીમાં ગાંઠનું ઘણું ગુમાવ્યું છે, પણ કાંઇ પણ મેળવ્યું નથી, માટે હવે તો સંસારમાં ગણત્રી વગરના થવામાં જ સાર છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાલ અને કુંડલપુર નગર.

શ્રી સિદ્ધચક્ર ભગવાનના આરાધક શ્રીપાલ કુંવરને જૈન જનતા સારી રીતે પીછાને છે, જેમ પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રના વાંચન અને શ્રવણનો મહિમા પ્રસિદ્ધ છે તેમ વર્ષમાં બે વાર ચૈત્ર અને આસો માસની શાશ્વતી ઓળીમાં શ્રીપાલ ચરિત્ર પ્રાકૃત–સંસ્કૃત અને ઉ૦ શ્રી વિનયવિજયજીકૃત રાસ વાંચવાનો અને સાંભળવાનો મહિમા પ્રસિદ્ધ છે.

શ્રીપાલકુંવર ઉજ્જૈનથી નીકળી ભરુચબંદરથી વહાણમાં બેસી ગુજરાત અને કોંકણ મહારાષ્ટ્રના બંદરે ઊતર્યા અને ઘણા ગામો અને શહેરોમાં ફર્યા, ઘણા આશ્ચર્ય જોયાં. ઘણા ઠેકાણે રાજપુત્રીઓને પરણ્યા. રાજાઓનું બહુમાન મેળવ્યું. શાસ્ત્રોમાં જે જે સ્થળોના નામો આવે છે તે નામો અને સ્થળો એક યા બીજી રીતે ઉપલબ્ધ તો હશે જ પણ ઐતિહાસિક અને ભૌગોલિક જ્ઞાન અને શોધખોળના અભાવે આપણે દરેક સ્થળને જાણી શકતા નથી. જાણવાનો પ્રયત્ન પણ ઓછો જ કર્યો છે, છતાં પ્રયત્ન કરવામાં આવે તો ઘણી સફળતા મળવા સંભવ છે.

સંવત્ ૨૦૦૩ ની સાલમાં મહારાષ્ટ્ર પ્રદેશમાં વિચરતાં અમારું ચાતુર્માસ કોલ્હાપુરમાં થયું. ત્યાં આસો માસની ઓળીમાં શ્રીપાલ ચરિત્ર વાંચતા મહારાષ્ટ્રના કેટલાંક સ્થળોના નામો આવ્યા. આ વખતે એક શ્રાવક મહાનુભાવે અમારું ધ્યાન ખેંચ્યું કે આ સ્થળોમાં કુંડલ નામનું ગામ અહીંથી નજીકમાં છે. ત્યાં ગામની બહાર ડુંગર છે તેમાં ગુફાઓ છે તેમાં પ્રતિમાજી છે. આ વાત ઉપર અમારું ધ્યાન દોરાયું પણ એ સ્થળે જવાનું થશે જ એવું તો કલ્પનામાં નહોતું, પણ ચાતુર્માસ પછી વિચરતા વિચરતા તાસગામ આવ્યા. ત્યાંથી કરાડ જવાનું હતું. રસ્તાના ગામોનાં નામો પૂછતાં માલૂમ પડયું કે શ્રીપાલકુંવરના ચરણસ્પર્શથી પવિત્ર બનેલું. કુંડલપુર પણ રસ્તામાં આવે છે. આ જાણીને જોવાની ઉત્સુકતા ખૂબ જ વધી પડી. આ ગામ છોડીને બીજે રસ્તે જઇએ તો ઓછું ચાલવું પડે તેમ હતું છતાં ત્યાં જ જવું એવો નિર્ણય કર્યો. ત્યાંથી નીકળી કુંડલ ગામે આવ્યા. શાસ્ત્રમાં વાંચેલી વાતો તાજી થઇ આવી અમારો હર્ષ વધ્યો. ગામમાં મુકામ કરી બહાર ડુંગર ઉપર જોવા ગયા. ગામથી ડુંગર અર્ધા માઇલ કરતાં ઓછો દૂર હશે. ગામ અને ડુંગર વચ્ચે જે સપાટ સ્થળ છે તેમાં એક રાજવાડાના નામથી અને બીજું પ્રધાનવાડાના નામથી ઓળખાય છે. એક વખત રાજવાડામાં ખોદકામ કરતાં ત્યાંથી સોનૈયા નીકળ્યા હતા એમ ત્યાંના લોકોનું કહેવું છે.

ડુંગરના મધ્ય ભાગમાં એક ગુફા છે જેમાં પાણીનો એક કુંડ છે અને પાર્શ્વનાથ ભગવાનની શ્યામ પ્રતિમા છે અને ડુંગરની ટોચ ઉપર એક મંદિર છે અને ગામમાં એક મંદિર છે તેમાં પણ પાર્શ્વનાથ ભગવાનની શ્યામવર્ણની મોટી અને ભવ્ય પ્રતિમા છે. આ ત્રણે સ્થળનો વહીવટ દિગંબર સમાજ તરફથી નીરાવાળા શેઠ રામચંદ્રભાઇ કરે છે. આ સિવાય ડુંગર ઉપર બીજા દર્શનવાળાના સ્થાપત્યો છે.

આ કુંડલપુર નગરની ઐતિહાસિક બાબત તપાસીએ. શ્રીપાલકુંવર જ્યારે થાણાનગરીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા ત્યારે કોઇ સાર્થવાહે કહ્યું કે કુંડલપુર નગરમાં મકરકેતુ રાજા રાજ્ય કરે છે તેને ગુણસુંદરી નામની કન્યા છે અને તેણીએ પ્રતિજ્ઞા કરી છે કે કોઇ માણસ મને વીણાવાદનમાં જીતી જાય તેને હું પરણીશ. આ સાંભળીને કુંવરને ત્યાં જવાની ઉત્સુકતા પેદા થઈ. નવપદનું ધ્યાન ધર્યું અને વિમલેશ્વર દેવે પ્રત્યક્ષ થઇને હાર આપ્યો અને હારના પ્રભાવથી કુંવર કુંડલપુર ગયા અને વીણાવાદનમાં કુંવરીને જીતીને પરણ્યા.

થાણા નગરીથી કુંડલપુર લગભગ ૨૦૦ માઇલ થાય છે અને ગુજરાતી માપ પ્રમાણે દોઢસો કોસ ગણાય. શ્રીપાલચરિત્ર (પ્રાકૃત)માં સો યોજન લખ્યું છે એ કયા માપના આધારે લખ્યું હશે તે તો જ્ઞાની જાણે.

આ કુંડલપુર આજે નાનું ગામ છે. પુનાથી સધર્ન મરાઠા રેલ્વે લાઈન ઉપર કીરલોસ્કર વાડી સ્ટેશનની નજીકમાં છે. પ્રથમ તો ઔંધસ્ટેટના તાબામાં હતું પણ હમણાં તો મુંબઇ પ્રાંતની સાથે જોડી દેવામાં આવ્યું છે અને પુનાથી લગભગ ૧૨૫ માઇલ દૂર છે. આ સંબંધી વિશેષ માહિતી મેળવવા માટે જુઓ શ્રીપાલ ચરિત્ર પ્રાકૃત શ્લોક ૭૬૧ થી ૭૯૯.

આ સિવાય દેવદલપત્તનમાં રાજા ધરાપાળની પુત્રી શૃંગારસુંદરી અને તેની પાંચ સખીઓની સમસ્યા પૂરીને છ કુમારિકાઓની સાથે લગ્ન કરે છે તે સ્થળ પણ આજે (મહારાષ્ટ્ર) કરાડની નજીકમાં પાટણના નામથી ઓળખાતું એક મોટું ગામ છે તે હોવાનો સંભવ છે. જુઓ શ્રીપાલ ચરિત્ર શ્લોક ૮૪૧ થી ૮૭૧.

આ સિવાય કોલ્લાગપુરમાં પુરંદર રાજાની પુત્રી જયસુંદરીને રાધાવેધને સાધીને પરણે છે તે આજનું કોલ્હાપુર (ગોળના બજાર તરીકે પ્રસિદ્ધ છે) એ પણ મહારાષ્ટ્રમાં છે. જુઓ શ્રીપાલ ચરિત્ર શ્લોક ૮૭૩ થી ૮૯૨.

આ સિવાય શ્રીપાલ ચરિત્રમાં આવતાં ઘણા સ્થળોની શોધખોળ માટે અમારો પ્રયત્ન ચાલુ છે. ચોક્કસ સ્થળ મળ્યેથી વાચક પાસે રજૂ કરીશું.

આ સ્થળો ઉપર બનાવો જોતાં શ્રીપાલ ચરિત્ર ઐતિહાસિક ઘટના છે અને સિદ્ધચક્ર ભગવાનનું માહાત્મ્ય તેનાથી સિદ્ધ થાય છે.

મુનિરાજ શ્રી ભુવનવિજયજી.

## જીવન અને મૃત્યુ.

'આત્મા અજર, અમર છે અને એકજ નિત્ય આત્માનાં આ સર્વ શરીર છે, તું આત્મા છે, શરીર નથી' આવો ઉપદેશ જે જે ધર્મગ્રંથોએ આપ્યો છે, તે તે ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ વગેરે દુઃખોનું નિરંતર ધ્યાન રાખવું એ જ્ઞાનનું લક્ષણ છે અને એથી ઊલટી ભાવના રાખવી એ અજ્ઞાનનું લક્ષણ છે. સર્વ ધર્મોના સંતોએ પણ સંસારમાંથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવવા માટે અવશ્ય આવનારા મૃત્યુના બનાવનો ઘણા મોટા પ્રમાણમાં લાભ ઉઠાવ્યો છે.

'જાના હૈ નર, જાના હૈ ઘર છોડી, અકેલા જાના હૈ.'
'અપને ખાતિર મહલ બનાયા, આપ હી જાકર જંગલ સોયા;
કહત કબીરા સુનો મેરે ગુનિયા, આપ મુએ પીછે ડૂબ ગઇ દુનિયા.'
'આખિર યહ તન ખાક મિલેગા, કહા ફિરત મગરૂરીમેં ?'

'અખંડ આનંદ'માંથી ઉદ્ધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ કલ્યાણકારી મંગલ મૂર્તિ પરમાત્મા શ્રી મહાવીર દેવ.

લે. મુનિરાજશ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી )

" **कल्याणपादपारामं श्रुतगंगाहीमाचलं ।**
**विश्वाम्भोजरविंदेवं वन्देश्रीज्ञातनंदनं** " ॥

ભગવાન શ્રી મહાવીરદેવની જન્મ તિથિએ સમસ્ત ભારતવર્ષમાં જન્મકલ્યાણક–જન્મ-જયંતિ ઉજવાય છે. ખાસ કરીને જૈનો કે જેઓ પોતાને ભગવાન મહાવીરના ઉપાસક–ભક્ત માને છે તેઓ તો જરૂર ભગવાન શ્રી મહાવીરદેવનો જન્મ મહોત્સવ ઉજવે છે. આપણે એ પરમાત્માને માત્ર માનવ જ નહિં; મહામાનવ, અતિમાનવ, અરે માનવેંદ્ર કહીને જ તેમના ગુણગ્રામ ગાઇને જ બેસી રહીએ; એટલામાં જ ઇતિશ્રી માનીએ એના કરતાં એ પરમાત્માના ઉત્તમોત્તમ ગુણો જીવનમાં ઉતારીએ અને એ પ્રમાણે જીવન જીવી જીવંત-ધર્મમય બની જઇએ તો તો આપણું જીવ્યું સફલ થઈ જાય–માનવ ભવની યથાર્થ કિમ્મત અંકાઇ જાય.

ઉપર આપેલા શ્લોકમાં ભગવાન શ્રી મહાવીરદેવનું આદર્શ જીવન રજૂ કરવા પ્રયત્ન થયો છે.

મહાપુરુષોનું આખુંયે જીવન પરોપકારમાં જ વ્યતીત થાય છે. જગતના જીવોનું કલ્યાણ એ જ એમનો જીવનમંત્ર હોય છે. એમની પરોપકાર વૃત્તિ એકલી માનવજાતિના જ કલ્યાણની કે પશુઓના જ કલ્યાણની નહિં કિન્તુ એમની કલ્યાણકારી પરોપકાર વૃત્તિ સંસારના ભૂતમાત્ર–સંસારના સમસ્ત જીવો પ્રતિની હોય છે. સંસારના જીવોનું કેમ હિત થાય, કેમ ભલું થાય અને એમનું કેમ કલ્યાણ થાય એ જ એમના જીવનનો ઉદ્દેશ હોય છે.

બગીચામાં ઊગેલાં દરેક વૃક્ષ પ્રતિ બગીચાનો એક સરખો જ પ્રેમ હોય છે. પછી એમાં આમ્રવૃક્ષ હોય કે વટવૃક્ષ હોય, ગુલાબ હોય કે ચમ્પો હોય, કેસર હોય કે ચંદન હોય, મોગરો હોય કે માલતી હોય પરન્તુ બગીચામાં ઊગેલ વનરાજી પ્રતિ બગીચાને કદીયે ભેદભાવના નથી જાગતી; માટે જ આચાર્ય ભગવંત પ્રભુ શ્રી મહાવીરદેવને **कल्याणपादपारामं** કલ્યાણરૂપી વૃક્ષોને માટે બગીચા–ઉદ્યાન સરખા કહ્યા. ખરે જ, કવિએ આ કલ્પનામાં કમાલ કરી છે. હજીયે બગીચાના માલેકને–માળીને ભેદભાવ જાગે ખરો–હોય ખરો કિન્તુ બગીચાને તો દરેક વૃક્ષ–વનરાજી ઉપર એક જ સરખો પ્રેમભાવ–પ્રમોદભાવ હોય છે. ભગવાનનો પણ નિગોદમાં રહેલા જીવોથી લઇને દેવદેવેંદ્ર સુધીના સઘળા જીવો પ્રતિ કલ્યાણ ભાવ જ હોય છે. સઘળા જીવોનું કેમ કલ્યાણ થાય–આત્મહિત થાય એ જ ભાવના અને એને જ અનુકૂલ પ્રવૃત્તિ હોય છે. રાજા ને રંક, શત્રુ ને મિત્ર પ્રતિ એમનો પરમ સમભાવ અને પ્રેમ હોય છે.

લોકોત્તર પુરુષોમાં અને લૌકિક પુરુષોમાં આ જ અંતર હોય છે. લોકોત્તર પુરુષોનું વાણી, વર્તન એક જ સરખું હોય છે. એમના વાણી અને વર્તનમાં વૈષમ્ય નથી હોતું; જ્યારે લૌકિક પુરુષો ભલે વિદ્વાન હોય, વકતા હોય, મહાન પ્રવચનકાર હોય કે મહાત્મા હોય છતાં એમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાણી અને વર્તનમાં વૈષમ્ય દેખાઇ આવે છે. લોકોત્તમ પુરુષોના જીવનના નાના કે મોટા દરેક પ્રસંગો આદર્શ હોય છે; આપણે તેમાંથી સાર ગ્રહણ કરી જીવનમાં ઉતારવા લાયક હોય છે એ પુરુષોત્તમ મહાત્માઓનું જીવન જ પરમ ઉપદેશમય અને જીવન્ત ધર્મરૂપ જ હોય છે; માટે જ એક બીજા કવિએ પણ કહ્યું છે કે–"**परोपकाराय सतां विभूतयः**" ઉત્તમ પુરુષોની–સત્ પુરુષોની દરેક વિભૂતિ–દરેક શક્તિ પરોપકાર માટે હોય છે.

ભગવાન મહાવીર દેવના જીવનચરિત્રમાં પણ ઘણા પ્રસંગો એવા સુંદર, એવા મહાન અને એવા ઉત્તમ આદર્શ રૂપ છે કે એમાંથી આપણે ઘણું લઇ શકીએ છીએ, અને જીવનમાં ઉતારી શકીએ છીએ. હું અહીં એમાંથી માત્ર બે ત્રણ પ્રસંગો આપી કલ્યાણમૂર્તિ શ્રી મહાવીર પ્રભુનું ઉપરના શ્લોકમાં વર્ણવેલ **कल्याणपादपाराम** પદ કેવું ગુણનિષ્પન્ન છે તે બતાવીશ.

ભગવાન્ શ્રી મહાવીરદેવે દીક્ષા લીધી છે. પ્રથમ ચાતુર્માસ માટે તેઓશ્રીના પિતાજીના મિત્ર અને સ્નેહી આશ્રમના કુલપતિના આગ્રહથી આશ્રમમાં પધાર્યા છે અને એ કુલપતિએ આપેલી ઘાસની સુંદર કુટિર–ઝુંપડીમાં રહ્યા છે. ગ્રીષ્મઋતુની પૂર્ણાહુતિ થઇ ગઈ છે; વર્ષાઋતુ શરૂ થઈ ગઈ છે. ધરતીમાંથી બાફ નીકળે છે. ઘામ ઘણો થાય છે અને હજી ઘાસ ઊગ્યું નથી એટલે ગાયો વગેરે પશુઓ આ ઘાસની ઝુંપડીઓ તરફ ઘાસ ખાવા દોડી આવે છે. આશ્રમવાસી તપસ્વીઓ ઘાસ ખાવા ઝુંપડીઓ તરફ દોડી આવતી ગાયોને હાંકી કાઢે છે; મારીને અને ધમકાવીને ગાયોને ઝુંપડી તરફ ફરકવાય નથી દેતા; જ્યારે એક સુંદર વિશાલ ઝુંપડીમાં એકલવીર મહાત્મા ઊભા ઊભા ધ્યાન–આત્મચિંતવન ? ષડ્ દ્રવ્યની વિચારણા કરી રહ્યા છે. બહાર શું બની રહ્યું છે, એની એ સંતપુરુષને લગારે પરવા નથી ત્યાં તો એક આશ્રમવાસીએ આવીને કહ્યું–મહાત્માજી! લગાર ધ્યાન રાખો કે આ ગાયો તમારી ઝુંપડીનું ઘાસ ખાઇ જાય છે. પરંતુ આ એકલવીર સંતપુરુષ તો શાંતભાવે મૌન રહી આત્મચિંતવનમાં જ મસ્ત છે. વળી થોડીવાર થઇને બીજા આશ્રમવાસી આવ્યા. અને બોલ્યા–અરે! ઝુંપડીમાં કોણ છે? કોઇ કેમ બોલતું નથી? અરે કોઈ બોલો તો ખરા! કેમ બોલતા નથી? ધીમે રહીને અંદર ડોકિયું કરે છે અને જોતાં જ ચમકી જાય છે. એક સુંદર હાસ્ય ઝરતી વીરપુરુષની આકૃતિ જુવે છે. અરે! આવા મહાકાય, બલિષ્ઠ વીર આમ કેમ ઊભા છે? નથી બોલતા, નથી ચાલતા, નથી ગાયોને હાંકતા કે નથી ઝુંપડી સંભાળતા. એય સંતપુરુષ! ધ્યાન મૂકો. પરમાત્માનું સ્મરણ પછી કરજો. આ ઝુંપડી સંભાળો. ગાયો બધી અહીં આવીને તમારી સુંદર ઝુંપડીનું ઘાસ ખાઇ જાય છે. આટલું કહેવા છતાંય અંદરથી ન અવાજ આવ્યો, ન ઉત્તર મળ્યો કે ન તો ઝુંપડીના રક્ષણ માટે કાંઇ પ્રયત્ન દેખાયો.

આખાએ આશ્રમમાં એક જ વાતની ચર્ચા છે. આ મહાત્મા છે કોણ? નથી બોલતા, નથી ચાલતા, નથી ખાવાની તમન્ના કે નથી દેહના રક્ષણની તમન્ના. ઓહો, શું એમનું ધ્યાન છે?

ત્યાં તો એક આશ્રમવાસી બોલ્યો–અરે ભાઇઓ, એ તો મહાત્મા નહિં, પરમાત્મા છે. તમને ખબર નહિં હોય, તેઓ તો સિદ્ધાર્થરાજાના રાજકુમાર છે. રાજપાટ–ઘરબાર તજી આત્માને પરમાત્મા બનાવવા, સાધના કરવા સાધુ થયા છે.

ત્યાં તો બીજા આશ્રમવાસી બોલ્યા—મહાનુભાવો, આપણે પણ સંત છીએ, સાધુ છીએ, તપસ્વી છીએ પરંતુ આપણે ખાવાનું, પીવાનું પહેરવાનું, ઓઢવાનું બધું જોઇએ છે અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવા પ્રયત્ન પણ કરીએ છીએ અને આ મહાત્મા તો બસ મહાત્મા જ બની ગયા છે. અરે! બીજું તો બધું ઠીક પણ એમની પેલી રહેવાની ઝુંપડી પણ નથી સંભાળતા. પછી રહેશે ક્યાં? ગાયો ઘાસ ખાઇ જશે એટલે એમના આશ્રમમાં વરસાદ, ટાઢ, તડકો અને ચકલાંનો વાસ થશે માટે એમની ઝુંપડી સંભાળવાની જરૂર તો છે જ.

બધાય ભેગા મળી આશ્રમના કુલપતિ પાસે જઈ ફરિયાદ કરે છે કે જેમને—જે મહાત્માને આપે આપણા આશ્રમમાં આશ્રય આપ્યો છે તે આશ્રમ સ્થાનને પણ તેઓ સંભાળતા નથી, અરે, અહીંના આપણા ભકતો તો એમને આપણા કરતાં પણ મહાન ત્યાગી, તપસ્વી, સંયમી મહાત્મા માને છે માટે આપને અમારી વિનંતિ છે કે સિદ્ધાર્થનંદન વર્દ્ધમાન રાજર્ષિને આપ જઇને સમજાવો કે બીજું બધું તો ઠીક પરંતુ ઝુંપડીનું–દેહરક્ષણના આશ્રમનું જરૂર રક્ષણ કરે.

આ સાંભળી આશ્રમના કુલપતિ રોષે ભરાઈ જે ઝુંપડીમાં મહાત્મા રાજર્ષિ શ્રીવીર વિભુ ઊભા છે ત્યાં જઇને કંઇક મીઠી છતાં ઉપાલંભભરી ભાષામાં કહ્યું કે—હે વર્દ્ધમાન કુમાર! પક્ષીઓ પણ પોતાના માળાનું રક્ષણ કરે છે, તો તમે તમારા આશ્રમનું–ઝુંપડીનું કેમ રક્ષણ નથી કરતા? શું તમે પક્ષીઓથી પણ ગયા. તમે ઝુંપડીનું રક્ષણ કરવામાં સમર્થ હોવા છતાંયે તેના રક્ષણમાં આવો ઉપેક્ષાભાવ રાખો છો તે ઉચિત નથી.

આ સાંભળી ક્ષમાશ્રમણ ક્ષમાસાગર શ્રી વીર વિભુ ચિંતવે છે. મારા અહીં રહેવાથી આપને અપ્રીતિ થાય છે માટે અહીં રહેવું ઉચિત નથી. આમ ચિંતવી '**नाप्रीतिमद् गृहे वासो**' વગેરે પ્રતિજ્ઞા કરી એ ઝુંપડી છોડી ભર ચોમાસામાં પણ અન્યત્ર વિહાર કરી ગયા અને સાચા વિહારી બન્યા.

નથી કુલપતિ ઉપર દ્વેષ કે નથી અન્ય આશ્રમવાસીઓ ઉપર દ્વેષ. કરુણાના સાગર એ બધા જીવોનું કલ્યાણ ચિંતવતા વિચરી રહ્યા છે.

: ૨ :

આવા જ બીજા મહાન પ્રસંગોની નોંધ મૂકી આ લેખ સમાપ્ત કરીશ. એ પ્રસંગોનું વિશદ વિવેચન **कल्याणपादपारामं** નું વિસ્તૃત દર્શન સમયે કરાવીશ.

(૧) શૂલપાણી યક્ષનો પ્રતિબોધ. (૨) ચંડકૌશિક નાગનો પ્રતિબોધ (૩) સંગમદેવના ઘોરાતિઘોર ઉપસર્ગો અને એ દેવે મૂકેલા ભીષણ કાલચક્ર પ્રસંગે પણ ભગવાનની અપૂર્વ કલ્યાણ કામના આ પ્રસંગો વધુ સ્થાન અને સમય માગે તેવા છે માટે ભવિષ્ય ઉપર જ મુલતવી રાખું છું.

આપણે ભગવાન શ્રી મહાવીરદેવનું જન્મ–કલ્યાણક ઊજવી એમાંથી થોડા થોડા પ્રસંગોનો શાંત ચિત્તે વિચાર કરી જીવનમાં ઉતારવા, વાણી અને વર્તનની એકવાકયતા સાધવા અને '**कल्याणपादपारामं**' થવા પ્રયત્ન કરીએ તો આપણો મહોત્સવ ઊજવવાનો પ્રયત્ન સફલ થાય. અન્તમાં **शिवमस्तु सर्वजगतः** ની ભાવના સાથે વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયરત્નાવલિ.

( ગતાંક પૃ. ૯૮ થી શરૂ. )

લેખક—મુનિમહારાજ શ્રી ધુરન્ધરવિજયજી.

**अक्के चेन्मधु विन्देत, किमर्थं पर्वतं व्रजेत्।**
**इष्टस्यार्थस्य संसिद्धौ को विद्वान् यत्नमाचरेत्॥**

અક્કનો અર્થ ઘરનો ખૂણો થાય છે. જો ઘરના ખુણામાં જ મધ મળતું હોય તો શામાટે પર્વત ઉપર જવું? અભીષ્ટ-ઇચ્છિત વસ્તુની સિદ્ધિ થયા પછી કોણ બુદ્ધિમાન પ્રવૃત્તિ કરે? આ ન્યાયનો અર્થ છે.

આ ન્યાય બે વસ્તુ સમજાવે છેઃ, એક તો કોઈ પણ કાર્ય અલ્પ આયાસથી સિદ્ધ થતું હોય તેને માટે લાંબો પ્રયત્ન કરવો વ્યર્થ છે. અને બીજું વિદ્વત્તા અને મૂર્ખતાનો આથી વિવેક જણાય છે. વિદ્વાન માણસ એક વાત પતી ગયા પછી તેને ચોળ ચોળ નહિં કરે જ્યારે મૂર્ખ માણસ એકની એક હકીકતને એટલી મમળાવશે કે જેથી સારી હકીકત પણ છેવટે કંટાળાભરી લાગશે.

આમાં પ્રથમ હકીકત પ્રમાણે ધાર્મિક વિષયમાં જોઇએ તો સમજુ વર્ગ આ ન્યાયને સારી રીતે અનુસરે છે. જ્યાંસુધી સ્વદર્શનમાં પોતાને અભિમત વિષયના ખુલાસા મળી જતા હોય ત્યાં સુધી પરદર્શનમાં તેના ખુલાસા માટે સમજુ માણસ નહિ જાય. તેથી વિપરીત મૂર્ખ માણસ સ્વધમના મધ જેવા મીઠા ને હિતકર અનુષ્ઠાનો અને વચનો છોડી પરધર્મરૂપી પર્વત તરફ દોડી જાય છે. પર્વતમાં મધ મેળવવું જેટલું મુશ્કેલ છે તેટલું કે તે કરતાં અધિક મુશ્કેલ પરદર્શનમાંથી હિત સાધવું એ છે.

બીજી રીતે ડાહ્યો માણસ એક કાર્ય માટે ત્યાં સુધી યત્ન કરશે કે જ્યાં સુધી એ કાર્ય સિદ્ધ નહિં થાય. કાર્યસિદ્ધિ થયા બાદ તે યત્નને એ વળગી નહિં રહે. જડ આત્મા જે કાંઇ પ્રવૃત્તિ કે પ્રયત્ન કરતો હશે તેને એવો તો વળગી રહેશે કે તેથી કાર્ય થાય છે કે નહિં-કાર્ય થયું છે કે નહિં તેની કાંઇપણ વિચારણા તે નહિં કરે. એ ઘાંચીના બળદ જેવું છે.

આ ન્યાય તાર્કિક ગ્રંથોમાં એ રીતે વાપરવામાં આવે છે કે કોઇ પણ વિષયની સાબીતી સહેલાઈથી થઈ જતી હોય એક પ્રબળ યુકિતથી પદાર્થ સિદ્ધ થતો હોય તો તેને માટે લાંબી લાંબી યુકિતની પરમ્પરા કરવી ઉચિત નથી.

ઘરમાં મધુ છે કે નહિં તેની તપાસ કરો, જો ઘરમાંથી મધુ મળી રહેતું હોય તો પર્વત સુધી જવાની ઈચ્છા ન કરો અને દીર્ઘતાનો ત્યાગ કરો. એ આ ન્યાયથી સમજણ લેવાની છે. વેદાન્ત સૂત્ર ઉપરના શાંકર ભાષ્યમાં આ ન્યાયનો ઉપયોગ કરતાં શંકરાચાર્ય લખે છે કે—

**केवला चेज्ज्ञानात् पुरुषार्थसिद्धिः स्यात् किमर्थमनेकायास-समन्वितानि कर्माणि ते कुर्युः। अर्के चेन्मधु विन्देत्, किमर्थं पर्वतं व्रजेदिति न्यायात्।**

જો કેવળ જ્ઞાનથી પુરુષાર્થની સિદ્ધિ થાય છે તો શામાટે અનેક કષ્ટ યુકત કર્મો તેઓ કરે? 'આકડા ઉપર મધ મળી જાય તો શામાટે પર્વત ઉપર જાય' એ ન્યાયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગમીમાંસા

સં. મુ. પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )

( ગતાંક પૃષ્ઠ ૧૦૧ થી શરૂ. )

ગાઢ મિથ્યાત્વના ઉદયમાં આગમવચન પ્રત્યે રુચિ થતી નથી, અને એથી જ આગમવચન સમ્યગ્ રીતિએ પરિણમતું નથી. એ કારણથી અનુષ્ઠાનનું સેવન અવધિથી થાય છે, વિષયતૃષ્ણાનું પ્રાબલ્ય હોય છે, કષાયનું પણ આધિક્ય હોય છે, તાત્ત્વિક ધર્મ પ્રત્યે અરુચિ હોય છે અને સત્સમાગમ હોતો નથી; એથી જ વિપરીત બુદ્ધિ નષ્ટ થતી નથી અને એથી જ આદરાતું અનુષ્ઠાન લાભના સ્થાને જ હાનિકર બની જાય છે. એ જીવોની પરલોક સામે દૃષ્ટિ હોતી નથી, કિન્તુ માત્ર આ લોકના જ વિષયસુખ પ્રત્યે દૃષ્ટિ કેન્દ્રિત થએલી હોય છે; અને એથી જ એવા જીવોને સુખમાં જ સુખની ભ્રમણા થએલી હોય છે અતઃ વાસ્તવિક આન્તરિક સુખના શોધનાર્થે તેઓને ઇચ્છા પણ પ્રગટતી નથી એટલે આવા અચરમાવર્તી જીવોનું અનુષ્ઠાન હરગીજ ભાવાનુષ્ઠાનના કારણરૂપે બની શકે નહિ. માટે જ એ અનુષ્ઠાન તુચ્છ હોઇ અનાદરણીય ગણાય, જ્યારે અપુનર્બંધકાદિ ( આદિ શબ્દે માર્ગાભિમુખ, માર્ગપતિત ગ્રહણ કરવા જે અપુનર્બંધકની જ

---

આ હકીકત શંકરાચાર્યે મુખ્યત્વે મીમાંસક સામે કહી છે. મીમાંસકો ખૂબ કર્મકાંડ કરવાનું કહે છે. વેદાન્તી કર્મકાંડને અન્યથા સિદ્ધ જણાવી જ્ઞાનની પ્રધાનતા સ્થાપન કરે છે. શંકરાચાર્યે આ ન્યાયમાં **अक्ष** શબ્દને બદલે **अर्क** શબ્દ રાખ્યો છે. **अर्क**નો અર્થ આકડો છે. એ જ પ્રમાણે જૈમિનિસૂત્રના શાબરભાષ્યમાં પણ નીચે પ્રમાણે તેનો ઉપયોગ છે.

**तद्यथा पथि जातेऽर्के मधूत्सृज्य नैव पथा मध्वर्थिनः पर्वतं न गच्छेयुस्तादृशं हि तत्। अपि चाहुः। अर्के चेन्मधु विन्देत, किमर्थं पर्वतं व्रजेत्। इष्टस्यार्थस्य संसिद्धौ, को विद्वान् यत्नमाचरेत्।**

આ ઉપયોગ વેદાન્તીના પૂર્વપક્ષ તરીકે થયો છે. વાત તો લગભગ ઉપર પ્રમાણે જ છે.

સાંખ્યસૂત્ર ઉપરની અનિરુદ્ધની ટીકામાં, સાંખ્યતત્ત્વકૌમુદીમાં, વાચસ્પતિમિશ્રે, ન્યાયવાર્તિક તાત્પર્ય ટીકામાં પણ પ્રસંગે પ્રસંગે આ ન્યાયનો ઉપયોગ કર્યો છે.

તન્ત્રવાર્તિકમાં કુમારિલભટ્ટ કર્મની વહેંચણ કરીને કર્મ એટલે ક્રિયાનુષ્ઠાન બે પ્રકારના જણાવે છેઃ એક મોટા અને મહાપ્રયત્ન સાધ્ય અને બીજા નાના ને અલ્પ આયાસસાધ્ય. તેમાં એક જ પ્રકારના કાર્યની સિદ્ધિ માટે જો બે ઉપાય હોય ને તેમાં એકમાં વધારે યત્નની આવશ્યકતા હોય અને બીજામાં અલ્પ પ્રયત્નથી સરતું હોય તો અલ્પયત્નમાં પ્રવૃત્તિ થાય. આ રહી તે પંક્તિ—

**" यद्यल्पान्महतश्च कर्मणः समं फलं जायेत ततोऽक्के चेन्मधु विन्देतेत्यनेनैव न्यायेनाल्पेन सिद्धे महति कश्चित् प्रवर्तेत "**

સાથોસાથ આ ન્યાયથી એવી ઊંચી સમજણ લેવાની નથી કે-કોઈપણ કાર્યમાં બળ વાપરવું પડતું હોય, કષ્ટ આવતાં હોય તો તે કાર્ય મૂકી દેવું. બીજો ઉપાય ન હોય તો પૂર્ણ પ્રયત્ને પણ કાર્ય તો કરવું જ.

કાર્યસિદ્ધિને લક્ષ્યમાં રાખી યત્નની ઓછાવત્તાપણાની વહેંચણ કરતા આ ન્યાય શિખવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશાવિશેષ છે.) ના મિથ્યાત્વની મંદતાના પ્રતાપે અસદ્દગ્રહનો ત્યાગ થવાથી આચરાતા અનુષ્ઠાનો ભાવાજ્ઞાના કારણરૂપ બનતા હોવાથી તથા નિર્મળ બોધના અભાવમાં વિશિષ્ટ ઉપયોગ નહિ હોવાના કારણે દ્રવ્યરૂપ કહેવાતા છતાં અનુમોદનીય છે, તથા ક્રમશઃ વિકાસક પણ છે. ભાવાજ્ઞા એટલે સમ્યગ્જ્ઞાનપૂર્વક ભગવાનકથિત અનુષ્ઠાનોના આચરણની શુદ્ધ પરિણતિ; એ પરિણતિપૂર્વક રત્નત્રયીનું વિશુદ્ધ પાલન એ ભાવાજ્ઞાનું પાલન છે. એ પાલન યથાશક્ય હોઈ શકે. કારણ અયથાબલ યા તો શક્તિના અતિરેકથી ક્રિયમાણ આરંભ હાનિકર બને છે, છતાં શક્તિનું પ્રમાદથી ગોપન પણ ન હોવું જોઇએ. એટલે આ રીતિએ શુદ્ધ પરિણતિથી ભાવાજ્ઞાની સન્મુખતાએ પણ જે અનુષ્ઠાનોનું સેવન કરાય તે વિશુદ્ધ ઉપયોગ નહિ હોવાના કારણે દ્રવ્યાનુષ્ઠાનરૂપ ગણાવા છતાં અવશ્ય અનુમોદનીય છે. યદ્યપિ સર્વવિરતિને દ્રવ્યાનુષ્ઠાનની અનુમોદના કેમ હોય? આવો પ્રશ્ન થઇ શકે છે. કારણ સાધુનો અધિકાર માત્ર ભાવસ્તવમાં જ પર્યાપ્ત થએલો હોય છે, પરંતુ તેનું સમાધાન એ છે કે—સાધુને સાક્ષાત્ દ્રવ્યસ્તવકરણમાં પ્રવૃત્તિ કરવાનું નિષેધવામાં આવ્યું છે; પરંતુ એના કરાવણ અને અનુમોદનમાં નિષેધ કરવામાં આવ્યો નથી. જે યોગ્ય પ્રજ્ઞાપ્ય હોય તેને જે વિષયનો નિષેધ કરવામાં ન આવ્યો હોય તે વિષયનું સાધુને પણ અનુમોદન હોઈ શકે છે. પરંતુ જે અયોગ્ય હોય તેને ભાવીના લાભાલાભની દૃષ્ટિએ અગર જો નિષેધવામાં ન આવ્યું હોય તો તે અનુમોદનીય બની શકતું નથી. તેથી તેવા અધિકારી જીવનું પણ તથાવિધ દ્રવ્યાનુષ્ઠાન પણ અનુમોદનીય જ બને છે. આ જ કારણે 'અરિહંતચેઇયાણં' સૂત્રમાં સાધુ અને શ્રાવક બંનેને ઉદ્દેશી કાયોત્સર્ગકરણમાં વંદનાદિ છ કારણો દર્શાવવામાં આવ્યા છે. એમાં સાધુને પૂજાસત્કારાદિ કે જે વસ્ત્રાદિ દ્વારા થાય છે, તેનો તો સાક્ષાત્કરણનો નિષેધ છે, તો પૂજા આદિ નિમિત્તે કાયોત્સર્ગકરણ કેમ સંભવી શકે? એથી જ સાબિત થાય છે કે સાક્ષાત્કરણીનો નિષેધ છતાં બીજા યોગ્ય જીવો દ્વારા કરાવણમાં અને અનુમોદનમાં સાધુઓને નિષેધવામાં આવ્યું નથી. એ નિષેધ નહિ હોવાના કારણે જ દ્રવ્યસ્તવની અનુમોદના હોઇ શકે છે; અને એથી જ અપુનર્બંધકાદિ ભાવાજ્ઞાના કારણભૂત બનતા એવા દ્રવ્યાનુષ્ઠાનની પણ અનુમોદના હોઇ શકે છે. કારણ એ જીવોમાં ધર્મબીજના વપનની યોગ્યતા પ્રગટ થઇ ચૂકી હોય છે. ધર્મનું બીજ ભાવાજ્ઞા પ્રત્યે સદ્ભાવ કિંવા બહુમાન, જે આત્મામાં પ્રગટ થાય તે છે, અથવા તો ભાવાજ્ઞાના કારણભૂત દ્રવ્યાજ્ઞાના પાલનમાં પણ બહુમાન પ્રગટ થાય તે છે.

શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે કુશલચિત્તાદિ પણ ધર્મના બીજરૂપે વર્ણવવામાં આવ્યા છે; અથવા તો શુદ્ધ ધર્માનુષ્ઠાન અને તેના કર્ત્તા જીવો પ્રત્યે આદર અને બહુમાન પણ ધર્મના બીજ તરીકે વર્ણવવામાં આવ્યા છે, પરંતુ વાસ્તવિકતાએ ભાવાજ્ઞાના કારણરૂપ દ્રવ્યાજ્ઞાના પાલન પ્રત્યે આદર અને બહુમાનભાવ એ જ ધર્મનું વાસ્તવિક બીજ છે.

જેમ અયોગ્ય ભૂમિમાં ક્રિયમાણ બીજનું વપન નિષ્ફળ છે, તેમ અપ્રશાંત ચિત્તવાળા પ્રાણીમાં ધર્મબીજનું વપન નિષ્ફળ છે. જ્યાં સુધી મિથ્યાત્વનો પ્રબળ ઉદય હોય ત્યાં સુધી ચિત્ત પ્રસન્ન થતું નથી, શાંત થતું નથી; એથી જ એના મનમાં શાસ્ત્ર પ્રત્યે સદ્ભાવ પ્રગટ થતો નથી; અને એથી જ એ જીવના પૂજા આદિ કાર્યો ફલિભૂત થઇ શકતા નથી; અને સાથે જ અપૂર્ણ રહી જાય છે;

અપ્રશાંતમિક જીવના ચિત્તમાં શાસ્ત્રના સદ્ભાવ અર્થે પ્રતિપાદન કરવા મથવું તે એના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર પ્રભુનું સ્તવન.

સંગ્રાહક : ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી.

આ સ્તવનમાં મહાન યોગેશ્વર આનંદઘનજીએ અનુભવોલ્લાસમાં તે અનુભવનો પરમ ઉપકાર ગાયો છે તે 'અનુભવને મિત્રરૂપે કલ્પી તેણે તે મિત્રધર્મને કેવી રીતે બજાવ્યો તેનું શબ્દચિત્ર રજૂ કર્યું છે. તે અનુભવ વચને અગોચર હોવાથી કહી શકાય એવો નથી પણ તેનો મહિમા કેવા પ્રકારનો છે અને કેટલો મહાન છે તે અહિં વર્ણવ્યું છે. આત્મ ને અનુભવ એ કાંઇ ભિન્ન સ્વરૂપ નથી. બંને એકજ છે. આત્મા એ જ અનુભવસ્વરૂપ છે તથાપિ કથંચિત ભેદ વિવક્ષતાથી અત્ર કથન છે.

**ગાથા ૧.**

વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગજીવન જિનભૂપ.
અનુભવ મિતે રે ચિત્તે હિતકરી, દાખ્યું તાસ સ્વરૂપ.
( ૧ ) વીર.

**ભાવાર્થ**:–તે વીર જિનેશ્વર પરમેશ્વર જય પામો ! કે જે જગતના જીવનરૂપ છે અને જીવો મધ્યે ભૂપ–રાજા છે. જીનરાજ છે એવા તે ભગવંતનું સ્વરૂપ અનુભવમિત્રે હિત કરીને મ્હારા ચિત્તને વિષે દર્શાવ્યું–દેખાડયું. અર્થાત્ મારા ચિત્તમાં, ચૈતન્યમાં, આત્મામાં પ્રભુના સ્વરૂપનું દર્શન કરાવી, આત્માનું હિત–કલ્યાણ કરી ખરો મિત્રધર્મ બજાવ્યો.

**ગાથા ૨.**

જેહ અગોચર માનસ વચનને, તેહ અતીંદ્રિય રૂપ.
અનુભવ મિત્તે રે વ્યક્તિ શક્તિ શું, ભાખ્યું તાસ સ્વરૂપ.
( ૨ ) વીર.

**ભાવાર્થ**:–શાસ્ત્રમાં ત્રણ પ્રકારના યોગ કહ્યાં છે. (૧) ઇચ્છા યોગ (૨) શાસ્ત્ર યોગ (૩) સામર્થ્ય યોગ–તેમાં ઇચ્છા યોગ અને શાસ્ત્ર યોગની ભુમિકા વટાવી ગયા પછી સામર્થ્ય યોગથી જ આગળ વધવાનું રહે છે. આત્મ સામર્થ્ય–વિશિષ્ટ આત્માનુભાવ સિવાય બીજું કાંઇ અવલંબન જ્યાં નથી, તે સમર્થ આત્માનુભવના બલથી જ પ્રગતિ થતી જાય છે એવી ત્યાં સ્થિતિ છે એટલે આત્માનુભવરૂપ મિત્ર જ ઠેઠ પરમપદ પ્રાપ્તિ સુધી અથવા ભક્તિમાર્ગની પરિભાષામાં કહીએ તો પ્રભુના મીલન સુધી આત્માની સંગાથે સહચર રહી મિત્રધર્મ અદા કરે છે. આ પરમ હિતકારી અનુભવ મિત્રના જ ગુણગાન અને પૂ. યોગીશ્વરે મુક્ત કંઠે ગાયા છે આ અનુભવ "આ કૈવલ્યં ન મુચ્યતિ" કૈવલ્ય પ્રાપ્ત થતાં સુધી–ઠેઠ સુધી સાથે સાથે રહે છે એમ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે અધ્યાત્મોપનિષદમાં સ્પષ્ટ કહ્યું છે. તે અનુભવે ભગવાનનું સ્વરૂપ દેખાડયું તે કેવું છે ! તો કે અતીન્દ્રિય–ઇન્દ્રિયોને અગમ્ય, એવું તે સ્વરૂપ મનને અને વચનને અગોચર છે પણ અનુભવ મિત્રે શક્તિની શક્તિ પ્રમાણે–એટલે કે પોતાનું જેટલું વ્યકતપણું–પ્રગટપણું છે તે પ્રમાણે તેનું સ્વરૂપ હું આત્માને અંતરંગમાં કહી દેખાડયું–ભાવ ભાષાથી ભાખ્યું કે–હે આનંદઘન જો શ્રી ભગવાનનું સ્વરૂપ આવું છે ત્યારે કોઇ પૂછે કે–હે આનંદઘનજી, તમને આજે દર્શન થયું તે કેવુંક છે તે કહો–તેનો જાણે ઉપાય આપતા હોય તેમ કહે છે.

**ગાથા ૩.**

નય નિક્ષેપે જે ન જાણીએ, નવિ જીહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ જાણ.
( ૩ ) વીર.

---

અહિત માટે થાય છે, કારણ અયોગ્ય હોઇ અનધિકાર છે. એથી જ શાસ્ત્ર સદ્ભાવ પ્રતિપાદનરૂપ '**ધર્મબીજ**' એના ચિત્તમાં વાવી શકાય તેમ નથી; છતાં પરીક્ષા વિના ધર્મબીજનું વપન કરવામાં આવે તો એ જીવ ધર્માનુષ્ઠાનનું વિપરીતપણે જ આચરણ કરે; અતઃ એનું અધઃપતન અને સંસારમાં પર્યટન થાય જેના નિમિત્ત તરીકે એ અપરીક્ષ જીવ જ આલેખાય અને એથી જ એ જીવ પણ સંસારમાં ભ્રમણ કરનારો બને. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:—તે અતીન્દ્રિય સ્વરૂપ નય નિક્ષેપથી જણાતું નથી ને તેમાં પ્રમાણનો પ્રસર નથી, ચલણ નથી, ગતિ નથી, તે બ્રહ્મને શુદ્ધ આત્મસ્વરૂપને-શુદ્ધ સ્વરૂપે જો કોઇ દેખાડનાર હોય તો તે કેવળ અનુભવ સૂર્ય જ છે. કારણ કે જેટલા નય તેટલા વચનપથ છે અને આ સ્વરૂપ તો વચન અગોચર છે, તો તે અમારે શી રીતે કહેવું ?

( ચાલુ )

# શુદ્ધિપત્રક.

[ આ સભા તરફથી પ્રગટ કરવામાં આવેલ **શ્રી દ્વાદશારનયચક્રના ખાસ ( માહ ) અંકમાં** પ્રેસના દોષાદિથી જે અશુદ્ધિઓ રહેવા પામી છે તે નીચે મુજબ સુધારીને વાંચવાની અમે વાંચકગણને વિનંતિ કરીએ છીએ. —તંત્રી આ. પ્ર. ]

| | | | |
|---|---|---|---|
| કવર પેજ | પૃ. ૨, | પંકિત ૧૫ | विधिनियमोभयभङ्गचतुष्टय । |
| ,, | ,, | પં. ૨૨ | ( તુંબ-નાભિ ) |
| ,, | ,, | પં. ૨૫ | ક્ષમાશ્રમણશ્રીએ |
| ,, | ,, | પં. ૨૬ | ' नयचक्रवाल ' |
| પૃ. | ૧૧૩ | પં. ૨૬ | तदपह्नेत ( ह्नव ) |
| ,, | ૧૧૯ | પં. ૨૬ | ( अनिष्टा ) दोषनिष्ट(ष्ठ)त्वात् |
| ,, | ૧૨૧ | પં. ૧૭ | ભીમ અને કાંત |
| ,, | ૧૨૨ | પં. ૧૦ | પણ લોકવ્યવહારમાં અમુક |
| ,, | ૧૨૩ | પં. ૧ | नियमविधिभङ्गारस्त्वाह |
| ,, | ૧૨૩ | પં. ૨૯ | षड्भेदो |
| ,, | ૧૨૪ | પં. ૨૭ | द्धा (द्ध)रणं |
| ,, | ૧૨૪ | પં. ૨૮ | शैक्षकजना |
| ,, | ૧૨૭ | પં. ૩૪ | વિક્રમનું |
| ,, | ૧૨૯ | પં. ૧૦ | सिद्धसेनसूरिणा । |
| ,, | ૧૨૯ | પં. ૧૯ | सुखं च दुःखं |
| ,, | ૧૨૯ | પં. ૨૭ | ,, ,, |
| ,, | ૧૨૯ | પં. ૨૯ | सखायौ एकं वृक्षं |
| ,, | ૧૩૦ | પં. ૧૯ | सुखं च |
| ,, | ૧૩૨ | પં. ૨૫ | श्लोक ३ ] |
| ,, | ૧૩૪ | પં. ૧૬ | वन्तं(सिद्ध)मि(ति) |
| ,, | ૧૩૫ | પં. ૧૧ | दिन्नगणिः |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં નવું પ્રકાશન.

## ૪ શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ ( મૂળ ટીકા સાથે )
## ( યોજનામાં )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી **સિંહસૂરગણિ** ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન–અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજી**ના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબૂવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

૫ શ્રી **શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર**. ૬ શ્રી **સુમતિનાથ પ્રભુ ચરિત્ર** ભાષાંતરો થાય છે. નં. ૧–૫–૬ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

---

# મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( છપાય છે. )

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું એમ આ ચરિત્રને લગતા ઘણા ગ્રંથો જોવાથી જણાય છે. મહાસતી દમયંતીનો અધિકાર, દમયંતી ચરિત્ર, દમયંતી પ્રબંધ, નળકથાનક, નળચમ્પુ નળચરિત્ર, નળદમયંતી ચરિત્ર, નળ વિલાસ નાટક, નળાયન મહાકાવ્ય, વગેરે શ્રી જૈનાચાર્યના તેમજ જૈનેતર વિદ્વાનોની કૃતિમાં જોવામાં આવે છે. તેમજ ત્રિષષ્ટિશ્લાકાપુરૂષ ચરિત્ર, વસુદેવહિંડી, પાંડવચરિત્ર, કુમારપાળ પ્રતિબોધ, સંઘપતિચરિત્ર, વગેરે ગ્રંથોમાં પણ સંક્ષિપ્તમાં પણ વૃત્તાંત છે; તે સર્વેના કરતા શ્રી નલાયન મહાકાવ્ય ગ્રંથ જેના રચયિતા વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી **માણિકયદેવસૂરિની** કૃતિ સંસ્કૃત ભાષામાં સં. ૧૪૬૪ની સાલમાં બનાવેલ ૪૦૫૦ શ્લોક પ્રમાણમાં છે તે કૃતિ સુંદર, રસિક અને વિસ્તારપૂર્વક અધિકારવાળી છે, તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ ગ્રંથમાં અન્ય સ્થળે લઇને સતી દમયંતીનો પૂર્વ અને પછીના ભવનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવશે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતી અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આપેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતીભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજનીતિ, વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. જૈન નરરત્ન પરમ ધર્મ શ્રદ્ધાળુ, ઉદાર નરવીર શ્રીયુત **મણિલાલ વનમાળીદાસે** પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

પ્રિય બ્હેન ધર્મપ્રેમી સદ્દગત સૂરજ બ્હેનના સ્મરણાર્થે સિરીઝ તરીકે પ્રસિદ્ધ કરવા પોતે જ એક સારી રકમ સભાને સુકૃતની મળેલી લક્ષ્મીનું જૈન સાહિત્ય સેવા માટે આપી મનુષ્ય જન્મનું સાર્થક કરેલ છે.

## ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( છપાય છે. )

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલાં છે. ગ્રંથ છપાય છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક અનેક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે તૈયાર કરવામા આવશે.

### છપાય છે.

૨ કથારત્નકોષ ગ્રંથ—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે, જેમાં સમ્યકૃત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતી ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ–હાનિનું નિરૂપણ આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ-સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાય છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળ કિંમત રૂા. ૮–૮–૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે.

## દેવસી–રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

### સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી–રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક–શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦–૧૦–૦ દશ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only